જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૦-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

મહારાષ્ટ્રના લાતુરમાં વડાપ્રધાને જાહેરસભા સંબોધી,કોંગ્રેસ-એનસીપી પર તીવ્ર પ્રહાર કર્યા

પાકિસ્તાનના સર્જન માટે કોંગ્રેસ જવાબદાર: મોદી

કોંગ્રેસે બાળા સાહેબ ઠાકરે પાસેથી મતદાન કરવાનો અધિકાર છીનવી લીધો હતો,કોંગ્રેસ-એનસીપી કાશ્મીર અને દેશમાં જુદા-જુદા વડાપ્રધાન ઈચ્છે છે



લાતુર

લોકસભાની ચૂંટણીનો પ્રચાર કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના લાતૂરથી કોંગ્રેસ પર ગરજયા હતાં. અહીં વડાપ્રધાને કોંગ્રેસના નેતાઓને ત્યાં તાજેતરમાં કરવામાં આવેલી દરોડાની કાર્યવાહીનો પણ ઉલ્લેખ કર્યો હતો. સાથે જ તેમણે કોંગ્રેસ અને પાકિસ્તાનને એક સરખા ગણાવીને બંનેની આકરી ટીકા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જે લોકો છેલ્લા ૬ મહિનાથી કહી રહ્યાં છે કે, ચોકીદાર ચોર છે, પણ હવે નોટોના બંડલો તો એ દરબારીઓના ઘરમાંથી જ નિકળી રહ્યાં છે. અસલી ચોર જ કોંગ્રેસ છે અને એટલે જ તેમને ચોકીદારનો ડર સતાવી રહ્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ગઈ કાલે જ્યારે દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહીએ હતી ત્યારે કોંગ્રેસના એક મોટા નેતા ત્યાં પહોંચી ગયા અને તેઓ અધિકારીઓને ધમકાવવા લાગ્યા, પરંતુ જ્યારે ફોટો પાડવાનું શરો થયું તો નેતાજી ત્યાંથી મોઢા પર રૂમાલ ઢાંકીને ખસકી ગયા.

વડાપ્રધાને શિવસેનાની જેમ જ કોંગ્રેસ અને પાકિસ્તાન પર આક્રમકતા દાખવી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના ઘોષણાપત્ર એવા 'ઢકોસલાપત્ર'માં કરવામાં આવેલા વાયદા એ જ છે જે પાકિસ્તાન ઈચ્છે છે. આ અગાઉ ઉદ્ધવ ઠાકરેએ પણ કહ્યું હતું કે, પાકિસ્તાનને એવો જવાબ આપવામાં આવે કે તેનું નામો-નિશાન જ ના બચે.

વડાપ્રધાને કહ્યું હતું કે, એક તરફ અમારી નીતિ અને નિયત છે, બીજીબાજુ વિરોધીઓનું કોંગ્રેસનું વલન. આતંકવાદીઓને તેમના ઘરમાં ઘુસીને મારવા નવા ભારતની નીતિ રીતિ, આતંકને હરાવવો જ અમારો સંકલ્પ છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૪માં અમે કેટલાક લક્ષ્ય લઈને સામે આવ્યા હતાં, જેને પુરા કરવામાં દેશે તેમને સાથ આપ્યો. ૫ વર્ષની સૌથી મોટી કમાણી વિશ્વાસ છે. અત્યાર સુધીમાં જે થયું તેના માટે પણ ચોકીદાર યાદ આવે છે અને જે થવું જોઈએ તેની જવાબદારી પણ ચોકીદાર પર છે. પાકિસ્તાનના સર્જન માટે કોંગ્રેસ જવાબદાર છે.


તેમને કહ્યું હતું કે, જમ્મૂ-કાશ્મીરમાં રાષ્ટ્રવાદીઓના મનમાં વિશ્વાસ જગાવ્યો છે, ત્યાંની સ્થિતિ સામાન્ય થવા તરફ છે. અત્યાર સુધીમાં ઘુષણખોરોની ઓળખ કરી લેવામાં આવી છે, આગળ જતા અમે ઘુષણખોરી જ બંધ કરી દઈશું.

વડાપ્રધાને લાતુર ખાતેની રેલીમાં કહ્યું હતું કે, અમે રાષ્ટ્ર સુરક્ષાનો સંકલ્પ લીધો છે, કોંગ્રેસ અને તેના સાથીઓ આ વખતે દેશ વિરોધી વિચારધારા સાથે આગળ વધી રહ્યાં છે. કોંગ્રેસ કહી રહી છે કે, જમ્મૂ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ના હટવી જોઈ, કોંગ્રેસના ઢકોસલાપત્ર અને પાકિસ્તાનની ભાષા એક જેવી જ છે. કોંગ્રેસ અલગાવવાદીઓ સાથે વાત કરી રહી છે અને પાકિસ્તાન પણ આ જ ઈચ્છે છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કોંગ્રેસ દેશદ્રોહનો કાયદો હટાવીને માનવતાની વાતો કરે છે. પરંતુ આ જ કોંગ્રેસે બાળા સાહેબ ઠાકરે પાસેથી મતદાન કરવાનો અધિકાર જ છીનવી લીધો હતો, પરંતુ પહેલા તેણે દર્પણમાં જોવું જોઈએ.

તેમણે એનસીપી પ્રમુખ શરદ પવાર પર પણ નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ અને એનસીપી આજે એમની સાથે છે જે જમ્મૂ-કાશ્મીર અને દેશમાં જુદા જુદા વડાપ્રધાન ઈચ્છે છે.

સરકારથી પુરાવા માંગો પણ સેના પાસેથી નહીં

અમે ક્યારેય નથી કહ્યુ કે લોકોના એકાઉન્ટમાં ૧૫ લાખ જમા થશેઃ રાજનાથસિંહ



ન્યુ દિલ્હી

દરેક વ્યક્તિના બેંક એકાઉન્ટમાં ૧૫ લાખ રુપિયા આવશે તેવો વાયદો પૂરો ક્યારે થશે તેવુ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો અવાર નવાર ભાજપને યાદ દેવડાવીને ટોણો મારવાનુ ચૂકતા નથી.

આ મુદ્દો ભાજપ માટે ગળાની ફાંસ જેવો બની ગયો છે.૨૦૧૪ની ચૂંટણી બાદ ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ વિરોધીઓ આ મુદ્દાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે ભાજપના નેતા અને મોદી સરકારમાં ગૃહ મંત્રી રાજનાથસિંહે હવે કહ્યુ છે કે, અમે ક્યારેય કહ્યુ જ નથી કે, લોકોના ખાતામાં ૧૫ લાખ રુપિયા આવશે.૨૦૧૪ની ચૂંટણીમાં અમે ક્યારેય લોકોને એવો વાયદો કર્યો નહોતો.

રાજનાથસિંહે આપેલા ઈન્ટરવ્યૂમાં ભારપૂર્વક આ વાત કહીને દોહરાવ્યુ હતુ કે, ક્યારે પણ નહોતુ કહ્યુ કે, ૧૫ લાખ જમા થશે, ક્યારે પણ નહી. રાજનાથ સિંહે વિપક્ષી નેતાઓ અને તેમના નજીકના ત્યાં ઈનકમ ટેક્સ અને ઈડી દ્વારા પાડવામાં આવેલા દરોડા અંગે કહ્યું કે તેને રાજકીય બદલાની કાર્યવાહી કહેવું ખોટું છે. જે એજન્સીઓ દરોડા પાડી રહી છે તે સ્વાયત છે. ચૂંટણી આચારસંહિતા તેના પર લાગૂ થતી નથી. તેઓ પોતાના ઈનપુટના આધાર પર કાર્યવાહી કરી રહ્યું છે, અમે તેને કેવી રીતે રોકી શકીએ.

રાજનાથ સિંહે કહ્યું કે બાલાકોટ એર સ્ટ્રાઈક પર સરકારને પ્રશ્ન પૂછો પરંતુ સુરક્ષા બળો પાસે કોઈપણ પ્રકારના પુરાવા ના માંગો.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં અમિત શાહને પણ આ સવાલ પૂછાયો ત્યારે તેમણે કહ્યુ હતુ કે, પંદર લાખ જમા થશે તે વાત જુમલો હતી.

શ્યામગિરીમાં ભાજપના કાફલા પર નિશાન સાધી આઈઈડી બ્લાસ્ટ કરાયો

છત્તીસગઢમાં નક્સલી હુમલોઃ ભાજપ ધારાસભ્યનું મોત,પાંચ જવાન શહિદ

દંતેવાડામાં ૧૧ એપ્રિલે મતદાન યોજાવાનું છે,આ વિસ્તારમાં નક્સલીઓ સતત ચૂંટણી બહિષ્કારની વાત કરી રહ્યા છે

દંતેવાડા

છત્તીસગઢના દંતેવાડામાં લોકસભા ચૂંટણીના કલાકો પહેલાં જ નક્સલી હુમલો થયો છે. નક્સલીઓએ દંતેવાડામાં શ્યામગિરીમાં ભાજપના કાફલા પર નિશાન સાધી IED બ્લાસ્ટ કર્યું છે. આ હુમલામાં ભાજપના ધારાસભ્ય ભીમા મંડાવીનું મોત નિપજ્યું છે. સાથે જ આ હુમલામાં છત્તીસગઢ પોલીસના પાંચ જવાન શહીદ થયા છે.

ડીઆઈજી સુંદરરાજ પી.એ કહ્યું કે, ઘટનાની જાણકારી મળી છે. ઘટના સ્થળે સુરક્ષા દળના વધુ જવાનોને મોકલવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, કુઆકોન્ડા વિસ્તારના શ્યામગિરીમાં સુરક્ષા દળના જવાનોનો એક કાફલો ભીમા મંડાવી સાથે નીકળ્યો હતો. આ દરમિયાન નક્સલીઓએ કાફલને નિશાન બનાવતાં આઈઈડી બ્લાસ્ટ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, દંતેવાડા બસ્તર સંસદીય વિસ્તારમાં આવે છે. જ્યાં ૧૧ એપ્રિલે મતદાન થશે. વોટિંગથી લગભગ ૩૬ કલાક પહેલાં નક્સલીઓએ આ હુમલાને અંજામ આપ્યો છે. આ વિસ્તારમાં નક્સલીઓ સતત ચૂંટણી બહિષ્કારની વાત કરી રહ્યાં છે.

ભાજપનો મેનિફેસ્ટો એક રૂમમાં તૈયાર કરાયો,આ અહંકાર સાથેનો ઢંઢેરો છેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

ભાજપના ચૂંટણી ઢંઢેરાને લઈને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ તીવ્ર પ્રહાર કરતા જણાવ્યું કે, આ મેનિફેસ્ટોમાં માત્ર એક જ વ્યક્તિનો અવાજ સાંભળવા મળે છે. તેમજ આ ઢંઢેરો ટૂંકી દૃષ્ટિવાળો અને અહંકારી છે. ભાજપે સોમવારે સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને પોતાનો મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. આ ઢંઢેરામાં દેશના વિવિધ ભાગમાં નેશનલ રજીસ્ટર ઓફ સિટિઝન્સ (NRC) લાગુ કરવાનું વચન આપવામાં આવ્યું છે. આનાથી



દેશમાં ઘૂસણખોરી સામે યોગ્ય પગલાં લેવામાં મદદ મળશે તેમજ આતંકવાદ પર ઝીરો ટોલરન્સની પણ વાત મેનિફેસ્ટોમાં ભાજપે કરી છે. રાહુલ ગાંધીએ ભાજપના મેનિફેસ્ટોને વખોડતા જણાવ્યું કે, 'કોંગ્રેસે પોતાનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરતા પૂર્વે લાખો ભારતીયોની અવાજને સાંભળી હતી. ચર્ચા પણ યોજવામાં આવી હતી. ભાજપનો મેનિફેસ્ટો એક રૂમની અંદર તૈયાર કરાયો છે. જેમાં ફક્ત એક જ વ્યક્તિની વાત કરવામાં આવી છે. આ એક ટૂંકી દૃષ્ટિ અને અહંકાર સાથેનો ઢંઢેરો છે. રાહુલ ગાંધીએ આ અંગે ટ્વીટ પણ કર્યું હતું. કોંગ્રેસે ભાજપના 'સંકલ્પ પત્ર'ને 'છેતરપિંડી પત્ર' ગણાવ્યો હતો. તેમજ આ જૂઠાણાના પોરા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો.

લોકસભા ચૂંટણીઃ ૨૦ રાજ્યોના ૯૧ લોકસભા બેઠકને લઈ મતદાન યોજાશે

પ્રથમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચારના પડઘમ શાંતઃ ૧૧ એપ્રિલે મતદાન

નીતિન ગડકરી,જીતનરામ માંઝી,મહેશ શર્મા,ચિરાગ પાસવાન,વી.કે. સિંહ સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ ઈવીએમમાં કેદ થશે

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન માટે ૧૧ એપ્રિલ થનારા મતદાન માટેનો ચૂંટણી પ્રચાર સાંજે ૫ કલાકે શાંત પડી ગયો છે. પહેલા તબક્કામાં ૨૦ રાજ્યોની ૯૧ લોકસભાની સીટો માટે મતદાન થશે. ચૂંટણી પંચ અનુસાર પ્રથમ તબક્કા માટે ૮ એપ્રિલ સુધી ચૂંટણી મેદાનમાં કુલ ૧,૨૭૯ ઉમેદવારો છે.

ચૂંટણીપંચના નોટિફીકેશન પ્રમાણે પ્રથમ તબક્કાના મતદાનવાળી કુલ ૯૧ સીટો પર સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થશે. જેમાંથી કેટલીક સીટો પર સાંજે ૪ કલાકે, કેટલીક સીટો પર સાંજે ૫ કલાકે અને અમુક સીટો પર સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. નિયમ પ્રમાણે મતદાન પૂર્ણ થવાના સમયથી ૪૮ કલાક પહેલા પ્રચાર પડઘમ શાંત કરી દેવામાં આવે છે.

આ પહેલા રાઉન્ડમાં ૨૦ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૯૧ મતવિસ્તારોમાં ગુરુવારે મતદાન યોજાશે. સાથો સાથ, આંધ્ર પ્રદેશ, ઓડિશા, અરૂણાચલ પ્રદેશ અને સિક્કીમ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે પણ મતદાન યોજાશે.

પહેલા રાઉન્ડમાં જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાન થવાનું છે એના નામ છેઃ મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ, તેલંગણા, ઉત્તરાખંડ, આસામ, બિહાર, છત્તીસગઢ, જમ્મુ અને કશ્મીર, મણીપુર, ઓડિશા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ.

લોકસભા ચૂંટણીના બાકીના છ રાઉન્ડ ૧૮ એપ્રિલ, ૨૩ એપ્રિલ, ૨૯ એપ્રિલ, ૬ મે, ૧૨ મે અને ૧૯ મેએ યોજાશે. મતગણતરી અને પરિણામ માટે ૨૩ મે તારીખ છે. પહેલા તબક્કામાં ૨૦ રાજ્યોની ૯૧ લોકસભા સીટો પર મતદાન યોજાશે. ૧૧મી એપ્રિલના રોજ પહેલા તબક્કાનું મતદાન યોજાશે.





મોરબીના મચ્છુ ૨ ડેમમાં પુરતો જળજથ્થો છતાં એકાંતરા પાણીકાપ ઝીંકાયો

મચ્છુ ડેમમાં ૧૭૦ દિવસનો પાણીનો જથ્થો અનામત

મોરબી પાલિકાના ઢંગધડા વિનાના આયોજન અને નીતિના અભાવે નાગરિકો ભારે હાલાકીનો સામનો કરતા હોય છે શહેરમાં પીવાનું પાણી, ગંદકી અને રોડ રસ્તા જેવા પાયાના પ્રશ્નોખદબદી રહ્યા છે ત્યારે તાજેતરમાં પાલિકા દ્વારા એકાંતરા પાણીકાપ ઝીકવામાં આવ્યો છે પરંતુ જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમમાં હજુ ૧૭૦ દિવસ ચાલે એટલો જળજથ્થો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે

મોરબી નગરપાલિકામાં ઉનાળાના પ્રારંભે જ મહિલાઓના ટોળા પાણી માટેની પોકાર કરતા હોય તેવા દ્રશ્યો સામાન્ય બની ગયા હતા અનેક વિસ્તારની મહિલાઓ પીવાનું પાણી આવતું ના હોય તેવી ફરિયાદો લઈને કચેરી દોડી ગઈ હતી જોકે તાજેતરમાં પાલિકા દ્વારા કોઈ પણ જાહેરાત વિના જ એકાંતરા પાણી કાપ લાગુ કરી દેવાયો છે શહેરના દરબાર ગઢ, ખત્રીવાડ, ભવાની ચોક સહિતના વિસ્તારો ઉપરાંત શનાળા રોડ પરની સોસાયટીઓમાં પણ એકાંતરા પાણીકાપ લગાવી દેવાયો છે અને ઉનાળામાં એકાંતરા પાણી મળવાથી મહિલાઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે જયારે બીજી તરફ મચ્છુ ૨ ડેમમાં પુરતો જળજથ્થો ઉપલબ્ધ હોવા છતાં પાણીકાપ અંગે પાલિકા પ્રમુખ કેતનભાઈ વિલપરા સાથે વાતચીત કરતા તેમને જણાવ્યું હતું કે મચ્છુ ૨ ડેમમાં પુરતો પાણીનો જથ્થો છે જોકે નગરપાલિકા ઉપરાંત પાણી પુરવઠા બોર્ડથી વિતરણ કરાતા વિસ્તારમાં પાણીની કટોકટી ના સર્જાય તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે

મચ્છુ ૨ ડેમમાં ૧૭૦ દિવસ ચાલે તેટલો જળજથ્થો

મોરબી શહેરી વિસ્તારમાં એકાંતરા પાણીકાપ લગાવી દેવાયો છે ત્યારે મોરબીની જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમમાં જળજથ્થાની માહિતી મેળવતા ચોકાવનારો ખુલાસો થયો છે કે દરરોજ શહેરી વિસ્તારની જરૂરિયાત મુજબ ૬ એમસીએફટી પાણી લેવામાં આવે છે અને આજની તારીખે મચ્છુ ૨ ડેમમાં ૧૦૨૧ એમસીએફટી એટલે કે પુરા ૧૭૦ દિવસ ચાલે તેટલો જળજથ્થો છે બીજા શબ્દોમાં કહીએ તો ઉનાળો આરામથી નીકળી જાય અને અડધા ચોમાસા સુધીનું પાણી ડેમમાં ઉપલબ્ધ છે.

રોટરી કલબ ઓફ હળવદ દ્વારા

દર્દીઓ માટે ઘરે ઉપયોગ કરી શકાય એવું ઓક્સિજન નું મશીન દર્દીઓની સેવામાં ખુલ્લું મુકવામાં આવ્યું



રોટરી કલબ ઓફ હળવદ દ્વારા ઓટોમેટિક ઓક્સિજન મશીન કે જેમાં બાટલા ની કે કોઈ વસ્તુ ની જરૂરત રહેતી નથી. ઈલેકટ્રીક ની પિન માં જોડતાં જ ચાલુ કરી શકાય એવું ઓક્સિજન નું મશીન વસાવવામાં આવ્યું છે. જે હવામાંથી જ ઓક્સિજન બનાવી લે છે.

આ મશીન ઈનબોક્સ કલેકશન, અન્નપૂર્ણા કોમ્પ્લેક્સ, ભટ્ટફળી મેઈન બજાર હળવદ થી ઉપયોગ માટે નિઃશુલ્ક મળી શકશે.

આ પ્રોજેક્ટ નું ડોનેશન સ્વઃ જયોત્સનાબેન રામજીભાઈ જાકાસણીયા ના સમરણાર્થે હસ્તેઃ સુપુત્ર રવીકુમાર તરફથી આપવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ માં પ્રેસિડેન્ટ રમેશભાઈ ઝાલોરીયા, સેક્રેટરી ગજેન્દ્રભાઈ મોરડીયા, નરભેરામભાઈ અઘારા, અરવિંદભાઈ પટેલ હાજર રહ્યા હતાં. આ પ્રોજેક્ટને રાજેન્દ્રસિંહ રાણા એ સફળ બનાવ્યો હતો.

રાણપુરના મેઈનબજાર ત્રીકમપરામાંથી ધોળા દિવસે મોટરસાઈકલની ચોરી

મોઢે રૂમાલ બાંધી મોટરસાઈકલ લઈને જતો શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ

બોટાદ જીલ્લાના રાણપુરમાં ધોળા દિવસે મેઈન બજારમાં આવેલ ત્રીકમ પરા વિસ્તારમાંથી પાર્ક કરેલી મોટરસાઈકલની તસ્કરી કરી તસ્કરો પોલીસને પડકાર ફેકી ધોળા દિવસે ભર બજારમાંથી મોટરસાઈકલની ચોરી કરી નાસી છુટેલ શખ્સ મોઢે રૂમાલ બાંધી મોટરસાઈકલ લઈને જતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલ છે.જોકે શખ્સે મોઢે રૂમાલ બાંધ્યો હોવાથી ઓળખ થઈ શકી નથી.

આ બાબતે મળતી માહીતી મુજબ રાણપુર ખાતે મેઈન બજારમાં ત્રીકમ પરા વિસ્તારમાં આદમભાઈ ની ઘંટી પાસે બપોરના અંદાજે ૧૨ વાગ્યાની આસપાસ ભાવીનભાઈ મનસુખભાઈ પઢારીયા(ઉર્ફે-ચકાભાઈ મીસ્ત્રી)ત્રીકમ પરામાં આદમભાઈ ની ઘંટી પાસે પોતાનુ એચ.એફ.ડીલક્ષ જી.જે.૦૧.જી.૦૧૬૧ મોટરસાઈકલ પાર્ક કરીને બાજુમાં આવેલી દુકાનમાં બેઠા હતા.અંદાજે અડધા કલાક બાદ તેવો ત્યાથી



બહાર આવતા ત્યા તેમનુ મોટરસાઈકલ હતુ નહી.તેમણે તાત્કાલિક તપાસ કરી અને રાણપુર પોલીસ ને જાણ કરી પોલીસ દ્વારા તે વિસ્તારમાં સીસીટીવી કેમેરા ચેક કરતા એક શખ્સ મોઢે રૂમાલ બાંધી મોટરસાઈકલ લઈ જતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.જોકે આ શખ્સે મોઢે રૂમાલ બાંધ્યો હોવાથી ઓળખ થઈ શકી નહી.રાણપુરમાંથી ધોળા દિવસે મેઈન બજારમાંથી મોટરસાઈકલ ની ચોરી થયાની જાણ રાણપુરમાં વાયુવેગે ફેલાતા સમગ્ર રાણપુરમાં ચકચાર મચી ગઈ હતી.જયારે વધુ મળતી માહીતી મુજબ રાણપુરના આ ત્રીકમપરા વિસ્તાર મોટરસાઈકલ ની ચોરી કરતા તત્વો માટે એ.પી.સેન્ટર બની ગયુ હોય તેવુ લાગી રહ્યુ છે.અગાઉ આ વિસ્તારમાંથી ત્રણ મોટરસાઈકલ ચોરાઈ ગયા છે ત્યારે આજે વધુ એક મોટરસાઈકલ ની એજ વિસ્તારમાંથી ચોરી થતા સમગ્ર રાણપુરમાં ચકચાર મચી ગયેલ છે.જયારે આ બાબતે ભાવીનભાઈ મનસુખભાઈ પઢારીયા(ઉર્ફે-ચકાભાઈ મીસ્ત્રી)એ રાણપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાંવતા પોલીસે મોટરસાઈકલ ચોરી ગયેલા શખ્સ ને ઝડપી પાડવા ચકોગતીમાન કર્યા છે.

બે ભાઈ સાથે વારા ફરતી લગ્ન કરનાર પરિણીતા પર સસરાએ પણ નજર બગાડી

પૂર્વ પતિ અને સસરાએ આબરુ લેવા પરિણીતા સાથે બળજબરી કરી

સુરત

બે ભાઈ સાથે વારા ફરતી લગ્ન કરવાનુ બિહારવાસી મહિલાને ભારે પડ્યું હતું. પૂર્વ પતિ અને સસરા-આબરૂ લેવાના ઈરાદે બળજબરી કરી ત્રણેય જણાં મારઝૂડ કરતા હોવાની ફરિયાદ સલાબતપુરા પોલીસ મથકે નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ બિહારના વતની અને સલાબતપુરા ઝન્નતીબાગ ઝૂંપડપટ્ટીમાં રહેતા રાજારામ જોગીના મોટા પુત્ર અમરજીત સાથે ફરિયાદીના લગ્ન થયા હતા. લગ્ન બાદ સંતાન થતા આરોપી અમરજીતે મારૂ સંતાન ન હોવાનું જણાવી ફરિયાદી પત્ની ઉપર ત્રાસ ગુજારતો હતો. જેથી ફરિયાદી પિયર જતી રહી હતી. ત્યારબાદ ફરિયાદીના માતા-પિતા ફરિયાદીનું બીજા લગ્ન કરાવવા માગતા હોય તેથી પૂર્વ પતિ અમરજીતના નાનાભાઈ અમિત રાજચારામે ફરિયાદીને દીકરીની જવાબદારી લેવા સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યકત કરતા બન્નેએ કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. આરોપીઓ અને ફરિયાદી એક જ ઘરમાં રહેતા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ છેલ્લા એક મહિનાથી ફરિયાદીના સસરા રાજારામ જોગી અને અગાઉ લગ્ન કરેલા પતિ અમરજીત આબરૂ લેવાના ઈરાદે ફરિયાદી સાથે બળજબરી કરતા હતા. આ બાબતે ફરિયાદીએ હાલના પતિને જાણ કરતા પતિએ આ ઘરમાં રહેવું હોય તો સહન કરવું પડશે. તેમ કહી મારઝૂડ કરી ફરિયાદી અને દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસ ફરિયાદ નોંધી ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી. વધુ તપાસ એએસઆઈ સરોજબેન વસાભાઈ કરી રહ્યાં છે.

ભુજ એલસીબીએ મુન્દ્રા તાલુકાના ગુંદાલા ગામમાંથી તડીપારને પકડી પાડયો



ભુજ કચ્છ: એસ.ડી.એમ. મુંદરાનાઓના હુકમથી આરોપી સામરા કાકુ સેડા (ગઢવી),ઉ.વ.૩૦,રહે.હાજાપર વાસ, ગામ-ઝરપરા, તા.મુંદરા, હાલ રહે.ગુંદાલા સીમમાં આવેલ પોતાના કબ્જાની વાડી, તા.મુંદરા વાળાને તા.૨૭/૦૨/૨૦૧૯ થી કચ્છ, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા તેમજ રાજકોટ જિલ્લામાંથી ચાર માસ માટે તડીપાર કરેલ હોય જે હુકમની આરોપીને બજવણી કરવામાં આવેલ હતી.

પોલીસ અધિક્ષક સૌરભ તોસંબિયાની સુચના હેઠળ એલ.સી.બી. પશ્ચિમ કચ્છ-ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.બી.ઔસુરાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના માણસો આજરોજ મુંદરા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.

તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ઉપરોક્ત આરોપી એસ.ડી.એમ. મુંદરાના ઉપરોક્ત તડીપાર હુકમનો ભંગ કરી કચ્છ જિલ્લામાં પ્રવેશી કરી હાલે ગુંદાલા ગામની સીમમાં આવેલ પોતાના કબ્જા ભોગવટાની વાડીમાં હાજર હોય જે મળેલ બાતમી હકીકત અંગે તુરંત જ વર્ક આઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ આવી ખરાઈ કરતા મજકુર ઈસમ હાજર મળી આવતા મજકુર ઈસમે એસ.ડી.એમ. મુંદરાના હુકમનો ભંગ કર્યા સબબનો જી.પી.એકટ કલમ-૧૪૨ મુજબનો મુંદરા મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી આગળની તપાસ મુંદરા મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

કોલકાતાના બે ઠગ વેપારીઓ દ્વારા બે પિતરાઈ સાથે છેતરપિંડી

રૂા. ૩૯.૨૭ લાખની બાકી રકમની ઉઘરાણી કરતા ધમકી મળી

સુરત

કોલકાતાના બે વેપારીએ સુરતના બેમિતરાઈ ભાઈ વેપારીનું રૂપિયા ૩૯.૨ લાખનું કરી નાખ્યું હતું. માલ ખરીધ્યા બાદ પેમેન્ટ ચૂકવવાને બદલે કોલકાતાના વેપારીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રઘુકુળ ટેક્ષટાઈલ્સમાં વેપાર કરતા ગોડાદરાના વેપારી પવનકુમાર પરમાત્મા પ્રસાદ પાંડેએ આરોપી આનંદ ભાનુ પ્રકાશ મિશ્રા નિરજ તેજુ સોનકર (કોલકાતા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી વેપારીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી નાના-નાની ઓર્ડરો આપી પેમેન્ટ નિયમિત ચૂકવ્યું હતું. ત્યારબાદ ફરિયાદી પવનકુમાર અને પિતરાઈ ભાઈ સુભાષચંદ્ર બિદેશ્વરી પ્રસાદ પાંડે પાસેથી કુલ્લે રૂપિયા ૩૯,૨૭,૯૯૯નો માલ મગાવી નિયત સમયમાં પેમેન્ટ ચૂકવવાને બદલે પૈસાની ઉઘરાણી કરશે. તો જાનથી મારી નાખવાનીધ મકી આપી હતી.સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

તા.૨૩'મીએ મતદાનના દિવસે શાળાઓમાં રજા જાહેર કરાઈ

ઈમરજન્સી જેવી આવશ્યક સેવા ચાલુ રહેશે

સુરત

ઉપ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૩-૪-૨૦૧૯ પત્ર ક્રમાંક : ચટણ/૧૦૨૦૧૯/૨૯૦૧/પી સાથે સામેલ અધિક મુખ્ય નિર્વાચન અધિકારી ગાંધીનગરના તા.૧૪-૩-૨૦૧૯ના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૧૯/૧૭૪૩/છ, ભારત નિર્વાચન આયોગના તા.૦૨-૧૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક ૭૮/ઈપીએસ/૨૦૧૭ તથા ભારત સરકારના ઈલેકશન કમિશનની તા.૯-૧૧-૧૯૮૪ પત્ર નં.૭૮/૮૪ના આઈટમ નં.૮૫માં જણાવ્યા મુજબ સને ૧૮૮૧ના વટાઉખત અધિનિયમના ખુલાસાને અનુસરીને સુરત જિલ્લામાં સમાવિષ્ટ લોકસભા મત વિસ્તારોમાં તા.૨૩-૪-૨૦૧૯ના બુધવારના રોજ લોકસભાની ચૂંટણી ૨૦૧૯ યોજાનાર હોય, સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તેમજ શાળા બોર્ડની કચેરી તથા તે સંચાલિત તમામ શાળાઓમાં સને ૧૮૮૧ના વટાઉખત અધિનિયમ હેઠળ જાહેર રજા જહેર કરવામાં આવે છે.

જયારે ખાસ આવશ્યક સેવાઓ જેવી કે પાણી પુરવઠા વિભાગ, ડ્રેનેજ વિભાગ, હોસ્પિટલ તથા સેનીટેશન વિભાગ, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વગેરે ખાતાની કામગીરી ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી કરાઈ છે.

સુપ્રિમ કોર્ટ આજે લાલુની જામીન અરજી પર સુનાવણી કરશે

ચારા કૌભાંડઃ લાલુની જામીન અરજી સામે સીબીઆઈએ વિરોધ વ્યક્ત કર્યો

ન્યુ દિલ્હી

ચારા કૌભાડ મામલે જેલની સજા ભોગવી રહેલા આરજેડીના લાલુ પ્રસાદ યાદવની જામીન અરજી અંગે સીબીઆઈએ વિરોધ વ્યક્ત કર્યો છે. સીબીઆઈએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી જણાવ્યું હતું કે, લાલુ હોસ્પિટલથી રાજકીય ગતિવિધિઓનું સંચાલન કરી રહ્યા છે. તેઓ જેલમાં રહેવાને બદલે હોસ્પિટલમાં રહી રહ્યા છે. આરોગ્યને આધારે જામીન માગીને તેઓ કોર્ટને ગેર માર્ગે દોરી રહ્યા છે. આ સિવાય સીબીઆઈએ જણાવ્યું હતું કે, જો તમામ સજાની ગણતરી કરવામાં આવે તો લાલુને ક્રમશઃ ૩.૫ વર્ષ, ૧૪ વર્ષ અને ૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. રાજયના મુખ્યમંત્રી પદ પર રહીને લાલુએ આચરેલા કૌભાડની જાણ તમામને છે. સુપ્રીમ કોર્ટ બુધવારે લાલુની જામીન અરજી પર સુનાવણી કરશે.

લાલુ પ્રસાદ યાદવે કથળતા આરોગ્યનું કારણ આપીને સુપ્રીમ કોર્ટમાં જામીનની અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે ૧૫મી માર્ચે સીબીઆઈને નોટિસ પાઠવી આ અંગે જવાબ માગ્યો હતો. લાલુએ પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, તેઓ એક કેસમાં ૨૨ માસ, બીજા કેસમાં ૧૩ માસ અને ત્રીજા કેસમાં ૨૧ માસની સજા ભોગવી ચૂક્યા છે.

૧૫મી એપ્રિલે રાહુલ ગાંધી ગુજરાત પ્રવાસે, જાહેરસભા સંબોધશે

રાજુલા

લોકસભાની ચૂંટણીને જોતાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આવામાં ૧૫મી એપ્રિલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાત આવશે. તેઓ રાજુલા પાસે જાહેરસભાને સંબોધશે. રાહુલ ગાંધી રાજુલા નજીક આસરાણા ચોકડી પાસે જાહેરસભા કરશે. રાહુલ ગાંધીની જાહેરસભા ત્રણ લોકસભા બેઠકને આવરી લેશે. રાહુલ ગાંધી અમરેલી, જૂનાગઢ અને ભાવનગર બેઠક માટેસભા કરશે. જ્યારે રાજુલામાં તેમની આ જાહેરસભા બપોરે ૩થી ૫ વાગ્યા સુધી યોજાશે.

પ્રિયંકા ગાંધી આગામી તા.૧૮ એપ્રિલે રાજ્યમાં ચૂંટણી સભા ગજાવવા આવે તેમ ચર્ચાઈ રહ્યું છે. જોકે હવે પ્રિયંકા ગાંધી પહેલાં અંબાજી અને ત્યાંથી સુરતની મુલાકાત લેશે તે બાબત ચર્ચાસ્પદ બની છે. પ્રિયંકા ગાંધીનો સોમનાથ, દ્વારકાનો પ્રવાસ પડતો નથી મુકાયો, પરંતુ તેમના ગુજરાત પ્રવાસના બીજા રાઉન્ડમાં તેઓ સોમનાથ, દ્વારકા જશે તેમ જાણવા મળ્યું છે.

ફરજ નિવૃત્તિ પ્રસંગે આંકડાશાસ્ત્ર વિષયના ત્રણ શિક્ષકોનું સન્માન

સુરત

વિદ્યાભારતી હિન્દી વિદ્યાલયના આચાર્ય અર્જુનસિંહ બી. પરમારના પ્રમુખ પદે આંકડાશાસ્ત્ર વિષયના શિક્ષકોનો નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો હતો. નિવૃત્ત શિક્ષકોને સાલ, સન્માનપત્ર, ગીફ્ટ અને બુકેથી સન્માનિત કરવામાં આવ્યા. નિવૃત્ત શિક્ષકો વિનોદકુમાર ગંગાપ્રસાદ યાદવ, વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત, વિભુવનભાઈ ભગુભાઈ પરમાર દાદાભાઈ એદલજી ઈટાલીયા સાર્વજનિક હાઈસ્કૂલ ચીખલી તથા અજયકુમાર નટવરલાલ દેસાઈ ધી ડી.કે.ટાટા. હાઈસ્કૂલ, નવસારીની વક્તાઓએ સરાહના કરી નિરામય જવનની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે આચાર્યાશ્રીએ શિક્ષકોના સન્માન માટે આંકડાશાસ્ત્ર અભ્યાસ વર્તુળને ધન્યવાદ આપ્યા અને આ પરંપરાને આગળ પણ જાળવી રાખવા અનુરોધ કર્યો.

સંત નિરંકારી મંડળ દ્વારા ગોડાદરા ખાતે સત્સંગ કાર્યક્રમ યોજાયો

સુરત

દિલ્હી થી આવેલા નિરંકારી પ્રચારક શ્રી શુભકરણ જી એ આજે ગોડાદરા સ્થિત રેલવે ફાટક પાસે આયોજીત સત્સંગ માં શ્રદ્ધાળુ ભક્તો ને સંબોધિત કર્યા. એમણે કહ્યું કે ઈન્સાન દુનિયાવી ચમક અને ભૌતિકતા માં એટલો રંગાયેલો છે કે તે પરમાત્મા ને ભૂલી ચુક્યો છે એવામાં સંત ઈન્સાન ને જાગૃકતા પ્રદાન કરે છે. એમણે કહ્યું કે સંત ઈન્સાન ને પરમતત્વ થી મેળાપ માં સહાયતા કરે છે, સંત ઈન્સાન ને ભૌતિકતા થી કાઢી ને આધ્યાત્મિક ની તરફ લઈ જાય છે. નિરંકારી સંત એ કહ્યું કે આધ્યાત્મિક ગ્રંથ આપણે પરમતત્વ થી જોડવાની શીખ આપે છે. નિરંકારી મિશન ની માર્ગદર્શક સદગુરુ માતા સુદીક્ષા જી મહારાજ આજે માનવ સમાજ ને પરમતત્વ ની સાથે જોડવાનું કાર્ય કરી રહ્યા છે. દિલ્હી થી આવેલા સંત શુભકરણ જી કેન્દ્રીય સેવાદળ ના મુખ્ય સંચાલક પણ છે, એમણે સત્સંગ થી પૂર્વ દક્ષિણ ગુજરાત ની બધી શાખાઓ ના એક્ટિવ સેવાદળ ની સેવા ની ભાવના થી ઓતપ્રોત કર્યા. સુરત ઝોન ના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓનકાર સિંહ જી એ આવેલા સંત ને દુપટ્ટા પહેરાવી સ્વાગત કર્યું.

સોળ વર્ષની ઉંમરે નહિ તો સાંઈઠ વર્ષે પણ થાય, સાચા પ્રેમની ન હોય કોઈ ઉંમર



સંધ્યાનો સમય થયો છે અને બધા પોતાનું કામ પતાવી ઘર તરફ પાછા ફરી રહ્યા છે. આવા સમયે એક સામાન્ય પરિવારમાં હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે કેમકે ઘણા વર્ષો પછી પરિવારમાં કોઈ બાળકનો જન્મ થયો છે. સામાન્ય પરિવારમાં પુત્રનો જન્મ થતાં પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને આખો પરિવાર મળી પુત્રની કાળજી રાખી રહ્યા છે. આ પુત્રનું નામ તેના પરિવાર દ્વારા રમેશ રાખવામાં આવે છે. રમેશ નાનપણમાં નટખટ અને થોડો તોફાની પણ છે પરંતુ પરિવારમાં ઘણા વર્ષો પછી નાનું બાળક આવ્યુ હોવાથી રમેશ ને કોઈ રોકતુ ટોકતું નથી. રમેશનું બાળપણ ગામડામાં જ વિતે છે અને તે માધ્યમિક શાળા સુધી પોતાના ગામની શાળામાં જ શિક્ષણ મેળવે છે. તો બીજી બાજુ નજીકમાં આવેલા શહેરમાં શ્રીમંત પરીવારમાં દિકરીનો જન્મ થાય છે અને દિકરીનો જન્મ થતા પરીવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. દિકરીનું નામ નલીમા રાખવામાં આવે છે અને લાડ કોડથી દિકરીને પરીવારના લોકો નલી કહીને બોલાવી રહ્યા છે. નલીમાનું બાળપણ વૈભવી જીવન શૈલીમાં વિતે છે અને નલીમાં શહેરની ખ્યાતનામ શાળામાં અભ્યાસ કરી રહી છે. શાળામાં અભ્યાસ દરમ્યાન અનેક કિશોરો નલીમા તરફ આકર્ષાય છે પરંતુ નલીમા માત્ર અભ્યાસમાં ધ્યાન આપે છે અને પ્રેમ શબ્દથી પણ દુર રહે છે. બોર્ડની પરીક્ષા નજીક આવી રહી હોવાથી નલીમા પરીક્ષાની તૈયારી કરી રહી છે અને પરીક્ષામાં ઉત્તમ પરીણામ મેળવવા માટે નલીમા રાત દિવસ જોયા વગર સખત મહેનત કરી રહી છે. બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે નલીમા માતા પિતાને પગે લાગીને પરીક્ષા આપવા માટે પરીક્ષા કેન્દ્ર પર જાય છે ત્યારે તેની મુલાકાત પરીક્ષા ખંડમાં રમેશ નામના વિદ્યાર્થી સાથે થાય છે. નલીમા અને રમેશની પરીક્ષા ખંડમાં થયેલી પહેલી મુલાકાતમાં ફક્ત વાતચીત થાય છે અને પરીક્ષા દરમ્યાન રમેશ અને નલીમા સતત સંપર્કમાં રહેવાના કારણે એકબીજા તરફ સહજ રીતે આકર્ષાય છે. સોળ વર્ષની ઉંમરે બન્નેના પ્રેમનો પ્રારંભ થાય છે. પરીક્ષા પુર્ણ થયા પછી પણ રમેશ જ્યારે શહેરમાં આવે છે ત્યારે નલીમા સાથે સતત મુલાકાત થયા કરે છે. પરંતુ રમેશ અને નલીમા નો પ્રેમ આગળ વધે તે પહેલા જ પરીવાર દ્વારા નલીમા ની સામાજીક રીતી રિવાજથી સગાઈ નક્કી કરી દેવામાં આવે છે. નલીમા જ્યારે રમેશને કહે છે કે પરીવાર દ્વારા મારી સગાઈ નક્કી કરવામાં આવી છે અને હું હવે શું કરૂ તે મને કાંઇ સમજાતું નથી. રમેશ કહે છે કે આપણો પ્રેમ તો અમર જ છે અને અમર જ રહેશે. જે કાંઇ પણ થઈ રહ્યુ છે તે ઇશ્વરની જ મરજીથી થઈ રહ્યુ છે અને ભગવાનની મરજી હશે તો આપણે ચોક્કસ મળીશુ. આપણે સાથે હોય કે ન હોય આપણો પ્રેમ સાચો છે અને આપણો પ્રેમ અતુટ જ રહેશે. આ સાંભળીને નલીમા પણ ખુબ હરખાઈ જાય છે અને રમેશને કહે છે કે રમેશ તે મને ખરેખર દિલથી પ્રેમ કર્યો છે. હું તો આપણા લગ્નના સ્વપ્ન જોઈ રહી હતી પરંતુ મારી સગાઈ નક્કી કરી દેવામાં આવતા હવે આપણે ક્યારે મળીશુ એ હું જાણતી નથી ત્યારે રમેશે કહ્યુ કે, કદાચ આપણી આ આખરી મુલાકાત હશે પરંતુ જ્યારે પણ જરૂર પડે મને યાદ કરજે રમેશ તારી પાસે જ હશે. થોડી



વાતચીત કરીને બન્ને પ્રેમીઓ છુટા પડે છે.

થોડા દિવસોમાં જ નલીમાની સગાઈ કરવામાં આવે છે અને સગાઈના છ મહીના પછી નલીમાના લગ્નની તૈયારીઓ શરૂ કરવામાં આવે છે. નલીમાના લગ્ન શાહી ઠાઠથી કરવામાં આવે છે અને નલીમાને અઢળક કરીયાવર પણ આપવામાં આવે છે. નલીમાનું લગ્ન જીવન સુખમય રીતે વિતી રહ્યુ છે. નલીમાનો પતિ પણ નલિમાને ભરપુર પ્રેમ આપી રહ્યો છે. તો આ બાજુ રમેશના હજુ સુધી લગ્ન થયા નથી અને પરીવારના સભ્યો રમેશને લગ્ન કરવા માટે જણાવે છે ત્યારે રમેશ કહે છે કે અત્યારે મારે લગ્ન કરવા નથી. પરીવારના લોકો ચિંતિત થઈ જાય છે કે રમેશ કેમ લગ્ન કરવાની કેમ ના પાડે છે. વારંવાર પુંછવા છતાં પણ રમેશ નલીમા સાથેના પ્રેમ અંગે એક પણ શબ્દ બોલતો નથી. રમેશ તેના મિત્રોને પણ પોતાના પ્રેમ અંગે કઈ કહેતો નથી. પરીવારના સભ્યોના વારંવારના આગ્રહના કારણે રમેશ લગ્ન માટે છોકરી જોવા માટે જાય છે અને પરીવારની ખુશી માટે લગ્ન કરવાની હા પાડે છે. હવે રમેશના લગ્નની તૈયારીઓ શરૂ કરવામાં આવે છે અને શાસ્ત્રોક્ત વિધીથી રમેશના લગ્ન કરવામાં આવે છે. રમેશનું દાંપત્ય જીવન પણ સુખમય રીતે વિતી રહ્યુ છે. નલીમા પણ પરીવાર સાથે ખુશ છે પરંતુ દિલથી હજુ રમેશને ભુલી શકી નથી તો આ બાજુ રમેશ પણ સુખી દાંપત્ય જીવનમાં પણ નલીમાને ભુલી શકતો નથી. વર્ષોથી દુર રહેવા છતાં પણ બન્ને વચ્ચેનો પ્રેમ અકબંધ રહે છે. નલીમાનું દાંપત્ય જીવન ખુશીથી વ્યતિત થઈ રહ્યુ હોય છે ત્યારે અચાનક જ નલીમા પર આભતુટી પડે તેવી ઘટના બને છે. નલીમાના પતિનો ગંભીર અકસ્માત થાય છે ત્યારે નલીમા પહોચે તે પહેલા રમેશ દવાખાનામાં પહોચી જાય છે અને નલીમાના પતિની સારવાર શરૂ કરાવે છે. થોડીવારમાં નલીમા દવાખાનામાં પહોંચે છે અને પતિ પાસે આવે છે. પરંતુ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થવાના કારણે તબિબિના અનેક પ્રયાસો છતાં પણ નલીમાના પતિનો જીવ બચાવી શકાતો નથી. પતિનું મૃત્યુ થયાની જાણ થતા જ નલીમા બે ભાન થઈ જાય છે અને થોડા કલાકો પછી જ્યારે ભાનમાં આવે છે ત્યારે તે પોતાના પરનું નિયંત્રણ ગુમાવીને રમેશના ખભા પર માથુ મુકીને રડવા લાગે છે. દુઃખના સમયે રમેશ નલીમાને સહારો આપે છે અને નલીમાને સંભાળે છે. છુટા પડ્યાના વર્ષો પછી જ્યારે ખરેખર નલીમાને સહારાની જરૂર છે ત્યારે રમેશ તેની સાથે ઉભો રહે છે. થોડા વર્ષો પછી રમેશના દાંપત્ય જીવનમાં પણ અણધારી આફત આવી પડે છે અને રમેશની પત્નિનું પણ ટુંકી માંદગી પછી નિધન થાય છે. રમેશ પર આવી પડેલી અણધારી આફતમાં નલીમા સાથે ઉભી રહે છે અને રમેશને સતત સાંત્વના આપીને સંભાળે છે. પત્નિના વિરહમાં રમેશ આકુળ વ્યાકુળ થઈ જાય છે અને પત્નિને યાદ કરીને ખુબ દુઃખી થાય છે. રમેશની આવી હાલત જોઈને નલીમાથી પણ રહેવાતું નથી અને નલીમા દુઃખી થઈ જાય છે. થોડા મહિનાઓ પછી નલીમા રમેશને મળવા બોલાવે છે અને સાથે બેસીને પોતાના પ્રેમના જુના સ્મરણો યાદ કરે છે. સતત સંવાદના કારણે રમેશ ખુશ રહેવા લાગે છે અને પહેલાની જેમ જ હસી ખુશીથી જીવન જીવી રહ્યો છે. હવે રમેશ સાંઈઠ વર્ષની ઉંમરે નલીમા તરફ આકર્ષિત થાય છે અને નલિમા સામે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુકે છે. નમિલા પણ રમેશના પ્રસ્તાવનો સ્વિકાર કરે છે અને બન્ને મંદિરમાં જઈને ભગવાનની સાક્ષીએ લગ્નગ્રંથી થી જોડાય છે. સોળ વર્ષની ઉંમરમાં શરૂ થયેલો પ્રેમ સાંઈઠ વર્ષે ફરી પાછો મળવાના કારણે રમેશ અને નલીમા ખુબ હરખાઈ જાય છે. રમેશ અને નલિમાએ ક્યારેય વિચાર્યું પણ ન હતુ કે સોળ વર્ષની ઉંમરે છુટા પડ્યા પછી આવી રીતે મળીશુ. નલીમા અને રમેશનું સુખદ મિલન થાય છે અને જીવનની ઢળતી સંધ્યાએ એકબીજાનો સહારો બની રહ્યા છે.

કાશ્મીરમાં તેમણે ભારતથી અલગ થવાની વાતો કરતા લોકોનો હાથ પકડ્યો હતો

કોંગ્રેસ સત્તા માટે કોઈપણનો હાથ પકડી શકે છેઃ સ્મૃતિ ઈરાની

ન્યુ દિલ્હી

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મંગળવારે કોંગ્રેસ પર વધુ એક વખત વાર કર્યો છે. ઈરાનીએ જણાવ્યું કે કોંગ્રેસ સત્તા મેળવવા માટે કોઈપણ સાથે ગઠબંધન કરી શકે છે. ઈરાની આ વર્ષે બીજી વખત અમેઠી બેઠકથી લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. તેઓ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સામે સતત બીજા વર્ષે પડકાર ફેંકવા તૈયાર છે.

૨૦૧૪ની ચૂંટણીમાં રાહુલ ગાંધીએ એક લાખ મતના માર્જિનથી ઈરાનીને હરાવ્યા હતા. આ વખતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અમેઠી ઉપરાંત બીજી બેઠક તરીકે કેરળની વાયનાડને પસંદ કરી છે. 'કોંગ્રેસ સત્તા માટે કોઈપણનો હાથ પકડી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં તેમણે ભારતથી અલગ થવાની વાતો કરતા લોકોનો હાથ પકડ્યો હતો.'

અમેઠીમાં એક સભાને સંબોધતા સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું કે, કોંગ્રેસે જે કર્યું તેમ અમે કોઈ બીજાને દેશની ધરતીનો એક ઈંચ ભાગ પણ ના આપીએ. આ ચૂંટણી મહત્વની છે અને તે કોઈ સામાન્ય જંગ નથી. આ આપણા બાળકો માટે તેમજ અમેઠીની આઝાદી માટેની લડાઈ છે. સ્મૃતિએ આક્ષેપ કર્યા કે વાયનાડ રાહુલ ગાંધીની પ્રથમ પસંદગી છે અમેઠી નહિ. અમેઠીના લોકોએ હવે રાહુલ ગાંધીને આવજો કહેવાનો નિર્ણય કર્યો છે.

ટિક ટોક એપઃ મદ્રાસ હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમમાં ૧૫ એપ્રિલે થશે સુનાવણી



ન્યુ દિલ્હી

મદ્રાસ હાઈકોર્ટ દ્વારા કેન્દ્ર સરકારને ટિકટોક એપ્લિકેશન પર અશ્લીલ સામગ્રીને લઈને તેના પર પ્રતિબંધ મુકવાના અપાયેલા આદેશને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટ ૧૫ એપ્રિલના રોજ સુનાવણી કરશે. સોમવારે સુપ્રીમ કોર્ટે આ અંગે ત્વરિત સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે એપ્લિકેશન પર ઉપલબ્ધ અશ્લીલ સામગ્રીને લઈને તેના પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની અધ્યક્ષતા હેઠળની ખંડપીઠે યોગ્ય સમય પર સુનાવણી કરવાનું જણાવ્યું હતું. નોંધનીય છે કે મદ્રાસ હાઈકોર્ટે ૩ એપ્રિલના રોજ આ એપ દ્વારા અશ્લીલ અને વાંધાજનક સામગ્રીનો ફેલાવો થતો હોવાના આરોપસર કેન્દ્ર સરકારને ટિકટોક એપ્લિકેશન પર પ્રતિબંધ લાદવાનો આદેશ આપ્યો હતો.

ગામડાઓમાં ભાજપના નેતાઓની પ્રવેશબંધી કરાવવાની અમિત ચાવડાની ચીમકી

૩ કોંગી ધારાસભ્યોએ સરકાર સામે મોરચો માંડ્યો, કૃષિભવનમાં રાતવાસો

ગાંધીનગર

ગાંધીનગરના કૃષિભવનમાં કોંગી ધારાસભ્યોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. તેઓ પાક વીમાની સહાયની રકમના આંકડા જાહેર કરવા સરકાર પાસે માંગણી કરી રહ્યા છે. આ ૩ કોંગ્રી ધારાસભ્યો સહિત કોંગી ડેલીગેશન પણ લડી લેવાના મુડમાં દેખાઈ રહ્યું છે. હાલ ગાંધીનગર ખાતે કોંગ્રેસના ધારાસભ્યો બ્રિજેશ મિર્ઝા, ચિરાગ કાલરીયા અને ઋત્વિક મકવાણાએ નિયામકની કચેરીમાં આખી રાત ધરણા પર બેસ્યા હતા.

પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત ખરીફ પાક મગફળી માટે વીમા કંપનીઓએ ૨૨થી ૪૯.૪૦ ટકા સુધીનુ પ્રીમિયમ ખેડૂતો પાસેથી ઉઘરાવીને નફો કર્યો છે. પરંતુ ખેડૂતોને તેના રૂપિયા હજી મળ્યા નથી, તેથી કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો એ સરકાર સામે આ મામલે મોરચો માંડ્યો છે. મંગળવારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા કૃષિ ભવનમાં કોંગ્રેસના ધારાસભ્યોને મળવા પહોંચ્યા હતા. આ મામલે અમિત ચાવડાએ કહ્યું કે, સરકાર કોંગ્રેસના ધારાસભ્યો અને ખેડૂતોની વાત નહીં સાંભળે તો કૃષિ અગ્ર સચિવથી લઈને રાજ્યપાલ અને લોક અદાલત સુધી આ મુદ્દો લઈ જવામાં આવશે.

ભાજપ દ્વારા દારૂ વેચી મત લેવાના હોય તો ખેડૂતોની દરકાર ન કરે. ભાજપ પછી ગામડાઓમાં જઈને બતાવે. ખેડૂતો જે સ્થિતિ કરશે એ ભાજપને ખબર પડશે. ખેડૂતોની વાત નહીં સાંભળવામાં આવે તો ગામડાઓમાં ભાજપના નેતાઓની પ્રવેશબંધી કરાવવાની ચીમકી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આપી છે.

કેસીઆર અને જગનમોહન રેડ્ડી પીએમ મોદીના મળતીયા છે : ચંદ્રબાબુ

અમરાવતી

પોતાના રાજકીય વિરોધીઓ વિરુદ્ધ નિવેદન કરતા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડૂ પોતાનું ભાન ભૂલ્યા. ચંદ્રબાબૂ નાયડૂએ વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ જગનમોહન રેડ્ડી અને ટીઆરએસના અધ્યક્ષ તેમજ તેલાંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવને 'મોદીના મળતીયા' ઉપરાંત અન્ય અભદ્ર શબ્દનો ઉપયોગ કર્યો હતો. મછલીપટનમમાં એક રેલીને સંબોધતા નાયડુએ કહ્યું કે, 'બેશરમ જગનમોહન રેડ્ડી શ્વાન માટેના બિસ્કિટ ખાઈ રહ્યા છે. તેઓ આ બિસ્કિટ અમને પણ વહેંચી રહ્યા છે. ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે, જગનમોહન અને કેસીઆર મોદીના નોકરસમાન છે, જેઓ એક બિસ્કિટ માટે પણ પોતાના ઘૂંટણીએ બેસી રહેશે. ચંદ્રબાબુ નાયડુએ ભાજપ અને ટીઆરએસ પર વાયએસઆર કોંગ્રેસ પાર્ટીને ફંડ આપવાનો આક્ષેપ કરતાં કહ્યું હતું કે, કરોડો રૂપિયાનો ધૂમાડો કર્યા બાદ તેમને વોટ ન મળ્યા. નાયડુએ જગમોહન રેડ્ડીને ફંડિંગની વાત કરતા કહ્યું કે, 'મોદી અને કેસીઆરે ૧૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. કેસીઆર તમે પૈસા કેમ ખર્ચ્યાં? તમે તમારા રાજ્યના પૈસા અમારા રાજ્યમાં કેમ ખર્ચી રહ્યા છો? એક હજાર કરોડ રૂપિયા ખર્ચવા છતા પણ અહીંથી તમને એક પણ વોટ નથી મળવાનો. અમારી જનતા તમારાથી ખૂબ જ નારાજ છે. ચંદ્રબાબુ નાયડુએ એવા સમયમાં આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે જ્યારે રાજ્યમાં લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે રાજકીય પાર્ટીઓ વચ્ચે ઘમાસાણ ચાલી રહ્યું છે.

અટકપારડીમાં તા.૧૪'મીએ ધોડિયા સમાજનો પરિચય મેળો

વલસાડ

વલસાડના શ્રીમતી ગજરાબેન છગનલાલ પટેલ સાંસ્કૃતિક, ભવન, ધોડિયા સમાજની વાડી, અટકપારડી ખાતે શ્રી નવચેતન ધોડિયા સમાજ દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે તા.૧૪/૪/૧૯ના રોજ સવારે ૮-૦૦ કલાકથી રક્તદાન કેમ્પ તેમજ લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પરિચય મેળાનું આયોજન કરાયું છે. પરિચય મેળામાં ભાગ લેવા તાજેતરનો ફોટોગ્રાફ લાવી નિયત ફોર્મમાં અરજી આપવાની રહેશે. આ પરિચય મેળાનો સંબંધિતોને લાભ લેવા તેમજ રકતદાન કેમ્પમાં રક્તદાન કરવા સંસ્થાના પ્રમુખ સુમન કેદારીયા દ્વારા અનુરોધ કરાયો છે.

કોંગ્રેસના સહયોગી જેડીએસએ આપ્યો મોટો ઝાટકો

ચંદ્રબાબુ નાયડુ આગામી વડાપ્રધાન બની શકે છેઃ એચ.ડી.દેવગૌડા

ન્યુ દિલ્હી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપી પ્રમુખ એન ચંદ્રબાબુ નાયડુએ આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યુ છે. તેઓ ગઠબંધનમાં કોંગ્રેસના સહયોગી અને કર્ણાટકમાં કોંગ્રેસ જેડીએસ સાથે ગઠબંધનની સરકાર ચલાવી રહ્યા છે.

પરંતુ હવે કોંગ્રેસની પાસે પોતાના જ સહયોગી જેડીએસ નેતા અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગોડાએ દેશના આગામી વડાપ્રધાન વિશે મોટુ નિવેદન આપ્યુ છે. દેવગોડાએ એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યુ કે કેમ ચંદ્રબાબુ નાયડુ દેશના વડાપ્રધાન બની શકે નહીં.

દેવગોડાએ કહ્યુ કે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી દેશના આગામી વડાપ્રધાન બની શકે તેમ છે. તેમણે કહ્યુ કે ટીડીપી ૧૫૦ વિધાનસભા બેઠકો પર જીત નોંધાવી અને લોકસભા ચૂંટણીમાં ૨૦ બેઠકો પર જીત નોંધાવશે.

દેવગોડાએ કહ્યુ કે ચંદ્રબાબુ નાયડુ ક્ષેત્રીય દળોના ગઠબંધનની અધ્યક્ષતા કરશે. જોકે, તેમણે ટીઆરએસ પ્રમુખ અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ વિશે કંઈ કહ્યુ નહીં. કેસીઆરે દેવગોડાનુ સમર્થન માગ્યુ હતુ.

તંત્રી સ્થાનેથી...

પ્લાસ્ટિકથી હવે ખતરો

જે પ્લાસ્ટિકના કારણે અમારુ જીવન વધારે સરળ અને વધારે સુવિધાજનક બની ગયુ છે તે જ પ્લાસ્ટિકના કારણે આજે વધુને વધુ ખતરો ઉભો થઇ રહ્યો છે. માટી અને પાણીની સ્થિતીને બગાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. સાથે સાથે પ્લાસ્ટિકના કારણે અનેક જીવલેણ બિમારી પણ ફેલાઇ રહી છે. આ વખતે પર્યાવરણ દિવસની મંગળવારના દિવસે ઉજવણી કરવામા આવી હતી. આ દિવસે કેટલાક મોટી પહેલ પણ કરવામા આવી હતી. જે અસરકારક છે. સાથે સાથે સ્વાગતરૂપ છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે ગઇકાલે તમામને કહેવામાં આવ્યુ હતુ. સરકારો, ઉદ્યોગો, જુદા જુદા સમુદાય અને સામાન્ય જનતાને પ્લાસ્ટિકના ઉપયોગને રોકી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. પર્યાવરણ દિવસના યજમાન દેશ તરીકે આ વખતે ભારત રહ્યા બાદ કેટલીક નવી પહેલ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાના સૌથી વધારે પ્લાસ્ટિકના ઉપયોગ કરનાર દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. પ્લાસ્ટિકના ખતરાને તો ખુબ પહેલા જ અમે ઓળખી ગયા હતા. જો કે આ સંબંધમાં જેટલી જાગૃતાની જરૂર હતી તેટલી જાગૃતા આવી ન હતી. હવે જ્યારે ખતરનાક બાબત સપાટી પર આવી છે ત્યારે અમે ખ્રુજી ગયા છીએ. જેથી પ્લાસ્ટિકની સામે જંગ છેડી દેવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણના દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખુબ સારી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વના નિર્ણય હેઠળ અમદાવાદ શહેરમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની અન્ય ચીજો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. પાણીના પાઉચની સાથે સાથે ચા માટે વપરાતી પ્લાસ્ટિકની નાની પ્યાલીઓ, મસાલામાં વપરાતા પ્લાસ્ટીક સહિતની સંબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. શહેરના મેયર ગૌતમભાઇ શાહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજકોટ બાદ હવે અમદાવાદ શહેરમાં પણ પ્લાસ્ટિકના કાગળમાં પેક કરીને આવતાં પાણીના પાઉચ પર પ્રતિબંધ મૂકી દેવાયા બાદ હવે આગામી દિવસોમાં રાજયના અન્ય શહેરોમાં પણ આ પ્રકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધની શકયતાઓ પ્રવર્તી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જાહેરાતને પગલે પાણીના પાઉચના વેપારીઓ અને પ્લાસ્ટિકના વેપારીઓ-દુકાનદારોમાં ભારે નારાજગીની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણયની જાગૃત નાગરિકોમાં ભારે પ્રશંસા થઇ રહી છે. દરમ્યાન અમદાવાદ જિલ્લા કલેકટરે પણ કલેકટર કચેરીને પ્લાસ્ટિક ફ્રી ઝોન ઘોષિત કરતી જાહેરાત કરી હતી. કલેકટર કચેરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી શણની બેગ આપવાની પણ તેમણે તત્પરતા દાખવી હતી અને આ માટે ખાસ વ્યવસ્થા કરવાની તૈયારી બતાવી હતી. આખરે નાગરિકોના આરોગ્યની સલામતીને ધ્યાનમાં રાખી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક અસરથી પ્રતિબંધ અમલી કરવામાં આવ્યો હતો.

જે પ્લાસ્ટિકે જીવનને સરળ બનાવ્યુ છે તે જ પ્લાસ્ટિક અમારા માટે હવે ખતરનાક

અન્નાદ્રમુક-ડીએમકે વચ્ચે કોઇ એકને પસંદ કરવા મતદારો તૈયાર...

તમિળનાડુમાં શુન્યની સ્થિતી થઇ

લોકસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુકી દેવામાં આવ્યા બાદ તમામ રાજકીય પક્ષો પોત પોતાની તૈયારીમાં લાગેલા છે. એકબીજાને કોઇ પણ રીતે પછડાટ આપવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે.તમિળનાડુમાં ડીએમકે અને અન્નાદ્રમુક વચ્ચે મુખ્ય જંગ ખેલાનાર છે. બે મોટા દિગ્ગજ નેતાઓના અવસાન બાદ હવે તમિળનાડુમાં એક સુન્ય જેવી સ્થિતી સર્જાઇ છે. આને ભરવા માટે તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે પ્રયાસ કરી રહ્યા છે. આ વખતે લોકસભાની ચૂંટણીમાં તમિળનાડુની પણ નિર્ણાયક ભૂમિકા રહેનાર છે. કારણ કે આ રાજ્યમાં પણ લોકસભાની ૩૯ સીટો રહેલી છે. જેથી કોઇ પણ રાજકીય પક્ષને આ રાજ્ય પર ધ્યાન આપ્યા વગર કામ ચાલી શકે તેમ નથી. દિલ્હીમાં જે પાર્ટી સરકાર બનાવે છે તે પાર્ટીને આ રાજ્યમાં લોકો અને પાર્ટીનુ સમર્થન પણ જરૂરી રહે છે. આ વખતે શંકાની નજર તમિળનાડુ પર કેન્દ્રિત થઇ ગઇ છે. આ બાબત જોવાની રસપ્રદ રહે શે કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં રાજ્યના મતદારો ક્ષેત્રીય પક્ષો પર વિશ્વાસ કરે છે કે પછી રાષ્ટ્રીય દળો પર વિશ્વાસ રાખે છે. ચહેરાના નામની વાત કરવામાં આવે તો હવે બે દિગ્ગજ નેતા રહ્યા નથી. જેમાં જયલલિતા અને કરૂણાનિધીનો સમાવેશ થાય છે. બંને નેતાઓના અવસાન બાદ બંને ક્ષેત્રીય પક્ષો માટે પણ આ ચૂંટણી નિર્ણાયક સાબિત થનાર છે. મતદારો કરૂણાનિધીની ડીએમકે પર વિશ્વાસ મુકે છે કે પછી જયાના અન્નાદ્રમુક પર વિશ્વાસ મુકે છે તે બાબત નિર્ણયક રહી શકે છે. પરંપરાગત દળ અથવા ફિલ્મી સ્ટાર છવાશે તે બાબત પણ અસરકારક રહેનાર છે. ચાર દશક પહેલા હી મેન ધર્મેન્દ્રની એક ફિલ્મ શાલીમાર આવી હતી. ફિલ્મમાં એક ગીત હુ આઇના હો હી રહેતા હે ચહેરે બદલ જાતે હે. આજના દિવસે તમિળનાડુની રાજનીતિમાં



જયલલિતા અને કરૂણાનિધીના અવસાન બાદ એક દમદાર ચહેરાને શોધી કાઢવા માટે પણ મતદારોની સામે દુવિધાપૂર્ણ સ્થિત સર્જાઇ

આ ગીત બિલકુલ યોગ્ય બેસે છે.રાજ્યના રાજકીય અરીસામાં મતદારો એવા ચહેરાને શોધી રહી છેજેતેમના કામોને સમજી શકે અને તેમને રાહત આપી શકે. કરૂણાનિધી અને જયાના અવસાન બાદ તમિળનાડુમાં કોઇ લોકપ્રિય ચહેરા લોકોમાં નથી. તેમના અવસાનના કારણે શુન્યની સ્થિતીને ભરવા માટે કોઇ ચહેરા નથી. તમિળનાડુ એક દમદાર ચહેરાની તલાશમાં છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે દળોની જંગી ભીડમાં કોઇ ચહેરા મળી રહ્યા નથી. જનતા જેના પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી શકે તેવા કોઇ ચહેરા નથી. છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં તમિળનાડુમાં ૪૩ વર્ષ સુધી ત્રણ ચહેરા છવાયેલા રહ્યા હતા. ૨૯ વર્ષ સુધી કરૂણાનિધી, ૧૪ વર્ષસુધી જયલલિતા અને દસ વર્ષસુધી એમજી રામચન્દ્રને શાસન કર્યુહતુ. પાંચ દશકમાં પ્રથમ વખત કોઇ એવા રાજકીય પંડિત નથી જે કહી શકે કે પ્રજા આ ચહેરા પર દાવ રમનાર છે. તમિળનાડુ દેશના એવા ખુબ ઓછા રાજ્યોમાં સામેલ છે જેમાં રાજકીય પક્ષો ચહેરાની પાછળ ઉભેલા નજરે પડે છે. તમિળનાડુમાં જયા અને કરૂણાનિધીની જગ્યા લેવા માટે કેટલાક લોકો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ પોતાના પર કોઇને વિશ્વાસ નથી. જયા અને કરૂણા જેવી ઓળખ નવા નેતા ઉભી કરવાની સ્થિતીમાં નથી. મોટો પ્રશ્ન એ થાય છે કે ચાર મહિના બાદ યોજાનાર લોકસભાની ચૂંટણીમા મતદારો કયા ચહેરા અથવા તો કયા દળ પર પસંદગી ઉતારનાર છે. કેટલાક લોકો વિચાર્યા વગર સ્ટાલિનનુ નામ આપે છે. પ્રશ્ન કરવા પર કહેવામાં આવે છે કે આજની તારીખમાં તમિળનાડુમાં સૌથી લોકપ્રિય નામ સ્ટાલિનનુ છે. તમામ ચહેરામાં સ્ટાલિન જ એવા નેતા તરીકે છે જેમને તમામ લોકો ઓળખે છે. છેલ્લા ચાર દશકમાં કરૂણાનિધીના નેતૃત્વમાં તેઓએ ડીએમકેને મજબુતી આપવા માટેનુ કામ કર્યુછે. ચાર વખત ધારાસભ્ય તરીકે રહ્યા છે. સ્ટાલિનને હાલમાં પાર્ટીનો પૂર્ણ સાથ પણ મળી રહ્યો છે. બીજ બાજુ મુખ્યપ્રધાન પલાનીસ્વામી અને ઓ. પન્નીરસેલ્વમ પણ લોકપ્રિય લીડરો છે. જો કે તેમને સમગ્ર પ્રદેશમાં ઓળખ ઉભી કરવામાં સમય લાગી શકે છે. જયાના નજીકના સાથી રહી ચુકેલા શશિકલા નટરાજનના ભત્રીજા ટી. દિનાકરણે અન્નાદ્રમુક માટે મોટી સમસ્યા ઉભી કરી દીધી છે. દોઢ ડઝનથી વધારે ધારાસભ્યો તેમની સાથે હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છથે. તમિળનાડની રાજનીતિમાં આ વખતે ચૂંટણી ખુબ નિર્ણાયક રહેનાર છે. તમિળનાડુના મતદારો આ વખતે અસમંજસની સ્થિતીમાં છે. તેમને કોની સાથે રહેવુ જોઇએતે મોટી દુવિધા છે. સામાન્ય વ્યક્તિમાં દુવિધા છે કે કોની સાથે રહેવામાં આવે. ફિલ્મી સ્ટારોની પણ ભૂમિકા દેખાઇ રહી છે.

નવી હર્બલ દવા તૈયાર કરવામાં આવી જે કિડની પથરીને નષ્ટ કરશે...

કિડનીની પથરી હવે સસ્તામાં દુર થશે

નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ બોટનિકલ રિસર્ચ દ્વારા હવે એવી હર્બલ દવા બનાવવામાં સફળતા હાંસલ કરવામાં આવી છે જેના કારણે કિડની અને યુરિનરી ટ્રેકટની પથરીના કદને ઘટાડીને તેને નષ્ટ કરવામાં ઉપયોગી સાબિત થશે. સંસ્થાના નિર્દેશક પ્રોફેસર એસકે બારિકે કહ્યુ હતુ કે સામાન્ય રીતે એલોપેથિક અને આયુર્વેદિક દવામાં ૧૮-૨૦ પ્રકારના ફોર્મ્યુલેશન હોય છે. પરંતુ આ દવા પાંચ સરળતાથી ઉપલબ્ધ બને તે પ્રકારની ઔષધિને મિક્સ કરીને તૈયાર કરવામાં આવી છે. જેના કારણે તેની કિંમત એક રૂપિયા પ્રતિ ગોળી રાખવામાં આવી છે. આ સંસ્થાના ફાર્માકોગ્નાસી વિભાગના પ્રિન્સિપાલ વૈજ્ઞાનિક શરદ શ્રીવાસ્તવનુ કહેવુ છે કે સામાન્ય રીતે નાના કદની પથરી તો પોતાની રીતે જ યુરિનમાં નિકળી જાય છે પરંતુ છ એમએમ અથવા તો તેના કરતા મોટી પથરીને દુર કરવા માટે સર્જરી કરવી પડે છે. દવાને દિવસમાં બે વખત લેવાથી પથરીનુ કદ ઘટી જાય છે. આના કદને ઘટાડી દેવામાં આશરે ૧૦ દિવસનો સમય લાગે છે. આ ફાર્માકોગ્નાસી વિભાગના ડોક્ટર અંકિતા મિશ્રાએ કહ્યુ છે કે સામાન્ય રીતે પથરી કિડની અથવા તો યુરિનરી ટ્રેક્ટની સેલ સાથે ચોંટી જાય છે. જેના કારણે ઘા પેદા કરે છે. તેમનુ કહેવુ છે કે દવા પથરીને એવા કદમાં ફેરવી દેવામાં સફળ રહે છે જેના કારણે શરીરના અંદરના ભાગને ચોંટી શકે નહીં. આ દવા પથરી કાઢવા માટે થયેલી સર્જરીથી નુકસાનગ્રસ્ત કોર્ટિયલ ટિશ્યુને પણ મજબુત કરે છે. જે મહિલા યુરિનરી ટ્રેક્ટ ઇન્ફેક્શનની સમસ્યાથી ગ્રસ્ત છે તે પણ આનો ઉપયોગ કરી શકે છે. દવાની સેફટી અને ટોક્સિસિટીની તપાસ ાઇઆઇટીઆરમાંથી ડોક્ટર વિકાસ અને હાફીઝ દ્વારા કરવામાં આવી છે. આ દવાના માનવી પર ઉપયોગ માટે ડ્રગ કન્ટ્રોલ ઓફ ઇન્ડિયા પાસેથી મંજુરી માંગવામાં આવી છે. મંજુરી મળી ગયા બાદ કેજીએ મયુના યુરોલોજી



નવી તૈયાર કરવામાં આવેલી હર્બલ દવા પાંચ ઔષધિઓને મિક્સ કરીને તૈયાર કરવામાં આવી છે : જેથી તેની કિંમત એક રૂપિયો રખાઇ છે

વિભાગના ડોક્ટર શંખવાર અને સલિલ ટંડન દ્વારા તેને લઇને માનવી ટ્રાયલ કરનાર છે. ત્યારબાદ આ દવાનો ઉપયોગ કરી શકાશે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૭ ટકા શહેરી ભારતીયો કિડનીના રોગથી ગ્રસ્ત છે. ડાયાબિટીસ અને હાઇપર ટેન્શનના કેસો શહેરી ભારતમાં વધી રહ્યા છે. ૧૨ શહેરોને આવરી લઇને કરાયેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે દરેક ૧૦૦ લોકો પૈકી ૧૭ લોકો કિડનીના રોગથી ગ્રસ્ત થયેલા છે જે પૈકી છ ટકા લોકો તબક્કા ત્રણ કિડની રોગમાં પહોંચે છે જેમાં તબીબી સારવાર અતિ જરૂરી બની જાય છે. કેટલાક કેસોમાં ખૂબ જ ખર્ચાળ સારવાર જેમ કે ડાયાલિસીસ અથવા ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. અભ્યાસમાં ૧૩ હોસ્પિટલ પાસેથી આંકડા લેવામાં આવ્યા છે જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલનો સમાવેશ થાય છે. દેશમાં કિડનીના રોગ અંગે સૌથી મોટા અભ્યાસના ભાગરૂપે આ અંગેનો દાવો કરવામાં આવ્યો છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે મોટાભાગના વ્યક્તિગતો ક્લેનિક કિડની ડિસીઝ (સીકેડી)ના જુદા જુદા તબક્કામાં સારવાર માટે પહોંચે છે. તે પહેલા કોઇપણ કિડની કામગીરીની સારવાર કરાવતા નથી. ભારતમાં યુવા લોકો પણ અટકાયતી ચેકઅપમાં વિશ્વાસ રાખતા નથી જે ખૂબ જ ખરાબ બાબત છે. વિલંબથી સારવારના પરિણામ સ્વરૂપે પણ જટિલ સ્થિતિ ઉભી થાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સીકેડીથી પિડાતા ૬૪.૫ ટકા દર્દીઓ હાઇપરટેન્શનથી પણ ગ્રસ્ત છે જ્યારે ૪.૭ ટકા લોક એનેનીયાથી ગ્રસ્ત છે. ૩૧.૬ ટકા લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત છે. નવી દિલ્હીમાં રામમનોહર લોહીયા હોસ્પિટલમાં નેફ્રોલોજી વિભાગના વડા ડૉ. શામસુંદરનું કહેવું છે કે સીકેડીથી ગ્રસ્ત મોટાભાગના દર્દીઓ એવા સમયે હોસ્પિટલ પહોંચે છે જ્યારે તેમની કિડનીની કામગીરી તેની ક્ષમતાની અડધીમાં આવી જાય છે. જો આ રોગને તબક્કા એક અને તબક્કા બેમાં સારવાર માટે હાથ ધરવામાં આવે તો તેની ખતરનાક અસર ઘટી જાય છે અને દવાથી તેની અસર ઘટી જાય છે.

કિડની ફેલિયરના પારિવારિક ઇતિહાસ ધરાવતા લોકોમાં આ અસર પહેલા દેખાય છે. વારણસી, કાનપુર, દિલ્હી, લુધિયાણા, ભોપાલ, નડિયાદ (ગુજરાત), મુંબઇ, મૈસુર, બેંગ્લોર, કોચીન અને વિશાખાપટ્ટનમને આવરી લઇને કરાયેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરાયોછે. સીકેડીના સૌથી વધુ કેસ વિશાખાપટ્ટનમમાં ૪૬.૮ ટકા નોંધાયા છે.

ઘેર બેઠા ઇસીજી કરી શકાશે

તમે હવે ઘેર બેઠા પોતાના અંગુઠાનો ઉપયોગ કરીને ઇસીજી પોતે જ કરી શકશો અને મોબાઇલ પર રિપોર્ટ પણ હાંસલ કરી શકાશે. હાર્ટના દર્દીઓ માટે આ ડિવાઇસ કોઇ વરદાનથી ઓછા તરીકે રહેશે નહી. કારણ કે મોટા ભાગના લોકોને હાર્ટની બિમારીની માહિતી જ મળતી નથી. જ્યાં સુધી હોસ્પિટલમાં પહોંચે છે ત્યાં સુધી ખુબ લેટ થઇ જાય છે. અલબત્ત હવે છાતીમાં દુખાવો થવાની સ્થિતીમાં પોતે જ ચેક અપ કરી શકશો. આ ડિવાઇસ ભારતમાં તૈયાર કરવામાં આવ્યા બાદ તેને ક્લિનિકલી રીતે મંજુરી પણ મળી ગઇ છે. તાલકટોરા મેદાનમાં હાલમાં યોજાયેલા પરફેક્ટ હેલ્થ મેળામાં સૌથી વધારે ભીડ આ જ કાઉન્ટર પર જોવા મળી હતી. આ ખાસ પ્રકારના ડિવાઇસને નોઇડાના રાહુલ રસ્તોગી દ્વારા તૈયાર કરવામાં સફળતા હાંસલ કરવામાં આવી છે. થોડાક વર્ષો પહેલા તેના પિતાને છાતીમાં દુખાવો થયો હતો. પહેલા તેઓ સમજી શક્યા ન હતા. જ્યારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે જાણવા મળ્યુ કે હાર્ટમાં બ્લોકેજ છે. મોટા ભાગના લોકો સમયસર હોસ્પિટલમાં પહોંચી શકતા નથી. રાહુલે ત્યારબાદ નિર્ણય કર્યો હતો કે એક એક મશીન બનાવશે જેના કારણે ઘેર બેઠા લોકો તેમના લોકોના હાર્ટ યોગ્ય રીતે છે કે કેમ તેની ચકાસણી કરી શકશે. બેંગલોરની હોસ્પિટલમાં આ ડિવાઇસના ટ્રાયલ કરવામાં આવી ચુક્યા છે. જે ૯૦ટકાથી વધારે યોગ્ય સાબિત થયા છે. આ ડિવાઇસ મોબાઇલ એપથી કનેક્ટેડ છે. એક નાના બોક્સની જેમ બનેલા આડિવાઇસ પર બે પોઇન્ટ છે. જેના પર બંને અંગુઠાથી દબાવવાની જરૂર હોય છે. ત્યારબાદ એક અંગુઠાથી તે પોઇન્ટને સ્પર્શ કરીને ડિવાઇસના આગળના હિસ્સાને છાતીમાં છથી સાત જગ્યા સ્પર્શ કરાવવામાં આવે છે. ટચની સાથે ડિવાઇસ હાર્ટ રેટ મોબાઇલ પર દશાવિ છે. થોડીક મિનિટોમાં સમગ્ર ઇસીજી રિપોર્ટ તૈયાર કરી લેવામાં આવે છે. હાર્ટસ્પેશિયાલિસ્ટ ડોક્ટર કહે છે કે આ ભારતીય ડિવાઇસ છે અને આજની જરૂરિયાત મુજબ છે. તેની કિંમત છ હજાર રૂપિયા છે. તેમનુ કહેવુ છે કે હાર્ટની તકલીફમાં કેટલીક મિનિટોનુ મહત્વ હોય છે. જો બિમારીની માહિતી મળી જાય છે તો દવા ઉપલબ્ધ છે. બિમારીને કન્ટ્રોલ કરવાની બાબત સરળ બની જાય છે. આ ડિવાઇસ ખુબ ઉપયોગી સાબિત થઇ શકે છે.

ચેતવણી : ઉંઘની ગોળીની ટેવ હાર્ટ અટેકને આમંત્રણ આપી શકે...

ઉંઘની ગોળીને ટેવ ન બનાવવા સલાહ

કેટલાક લોકોને તબીબોના કહેવાથી નીંદની ગોળીઓનો સહારો લેવાની ફરજ પડે છે પરંતુ કેટલાક લોકો કોઇને કોઇ બહાનાથી નીંગની ગોળીઓ લેવાની ટેવ પાડી દે છે. આ વાસ્તવિકતા છે કે કેટલાક સમય માટે નીંદની ગોળીઓ સકુન આપે છે અને આરામનો અનુભવ કરાવે છે. પરંતુ નીંદની ગોળીઓની ટેવ પાડી દેવાની બાબત સૌથી ખતરનાક છે. અનેક બિમારીને આના કારણે આમંત્રણ મળે છે. કેટલાક કઠોર પગલા જુદા જુદા સ્તર પર અને તબીબોના સ્તર પર લેવામાં આવ્યા હોવા છતાં તેની ટેવ પાડવી ઘાતક સાબિત થઇ શકે છે. હાલના સમયમાં નીંદની ગોળીઓનુ વેચાણ સતત વધી રહ્યુ છે. નીંદની ગોળીઓ ખાવાથી અનેક પ્રકારની ગંભીર બિમારી હોઇ શકે છે. જાણકાર તબીબો કહે છે કે સગર્ભા મહિલાઓને નીંદની ગોળી લેવાથી નુકસાન થાય છે. આના કારણે બેચેની તો વધી જાય છે. ગર્ભસ્થ શિશુ ગંભીર વિકૃતિનો શિકાર થઇ શકે છે. પ્રેગ્નેન્સીના ગાળા દરમિયાન નીંદ ન આવવાની તકલીફ હોય તો માત્ર તબીબોની સલાહ પર જ આ પ્રકારની દવા લેવાની શરૂઆત કરવી જોઇએ. તબીબોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો નીંદની ગોળી વધારે ખાવાની સ્થિતીમાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. વૈજ્ઞાનિકો માને છે કે નીંદની દવામાં રહેલા જોપિડેમ તત્વના કારણે હાર્ટની બિમારી થઇ શકે ચે. નિયમિત લાઇફસ્ટાઇલમાં ફેરફાર કરીને નીંદની ગોળીઓથી બચી શકાય છે. જે લોકો દરરોજ એક ગોળી ખાવાના બદલે તેના કરતા વધારે નીંદની ગોળીઓ લે છે તેના કારણે કોમામાં જવાનો ખતરો પણ વધી જાય છે. પીઠમાં દુખાવા અને અસ્થમાની તકલીફ ધરાવતા લોકોએ વધારે દવા લેવાની સ્થિતીમાં નુકસાન થાય છે. આ પ્રકારની ગોળીઓમા ઉપયોગથી બ્લડ પ્રેશર, માથાના દુખાવા અને સ્નાયુ સંબંધી રોગ પણ થઇ શકે છે. લાંબા સમય સુધી નીંદની ગોળીઓના ઉપયોગ કરવાથી યાદશક્તિને નુકસાન થાય છે. નીંદની ગોળીઓ નર્વસ સિસ્ટમને કમજોર કરી નાંખે છે. આના કારણે નર્વસ સિસ્ટમ સંબંધી બિમારી થવાનો ખતરો વધી જાય છે. હાર્ડ ડોઝમાં દવા લેવાથી ભુખ ઘટી જાય છે. દરરોજ નીંદની ગોળીઓ લેવાથી આલસ આવતા રહે છે. સામાન્ય રીતે જે લોકો સ્થુળતાથી ગ્રસ્ત છે તેમને ભુલથી પણ નીંદની ગોળીઓ લેવી જોઇએ નહીં. નીંદની ગોળીઓ લેવાની સ્થિતીમાં ખતરો દરેક બિમારીનો વધી જાય છે.નીંદની ગોળીઓ ખુબ ઘાતક છે. પુરતા પ્રમાણમાં ઉંઘ અનેક બિમારીને ટાળે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ઉંઘની દવાઓથી રાત્રી દરમિયાન ખૂબ સારી ઉંઘ આવે છે પરંતુ આ દવાઓ વહેલી તકે મોત અને કેન્સરના ખતરાને સતત વધારે છે. જરનલ બીએમજે ઓપનમાં પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. અભ્યાસ માટે સંશોધકોએ ૧૦૫૨૯ લોકોના મેડીકલ રેકોર્ડમાં ચકાસણી કરી હતી. તબીબોની મંજુરીથી આ પ્રકારની દવાઓ લઇ રહેલા લોકો ઉપર નજર રાખવામાં આવી હતી. આ ઉંપરાત ૨૩૬૭૬ એવા લોકોના ઇતિહાસમાં પણ ચકાસણી કરવામાં આવી હતી જે રાત્રે ઉંઘી જવા માટે આ પ્રકારની દવાઓનું ઉપયોગ કરતા નથી. અભ્યાસ બાદ જાણવા મળ્યું છે કે ઉંઘની દવાઓથી ચોક્કસપણે સારી ઉંઘ આવેછે. પરંતુ કેન્સર અને વહેલી તકે મોતના ખતરાને પણ આ દવાઓ આમંત્રણ આપે છે. ઝોલપીડેમ, ટેમાઝેપમ સહિતની તમામ ઉંઘની દવાઓમાં અભ્યાસ કર્યા બાદ આ પ્રકારના તારણો આપવામાં આવ્યા છે. બે અઢી વર્ષ સુધી સતત આ પ્રકારની દવાઓ લીધા બાદ ઉંઘની દવાઓ લેનાર લોકોમાં મોતનો દર ૬.૧ ટકા રહ્યો હતો. જ્યારે આ પ્રકારની દવાઓ નહીં લેનાર લોકોમાં મોતનો દર ૧.૨ ટકા નોંધાયો હતો. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આધુનિક સમયમાં વ્યસ્થ લાઇફમાં લોકો પૂરતી ઉંઘ મેળવી શકતા નથી. આવી સ્થિતિમાં મજબૂત ઉંઘ માટે દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. દવાઓની માઠી અસર રહેલી છે. આમા જણાવવામાં આવ્યુંછે કે દવાઓ વધુ પ્રમાણમાં લેનાર લોકોમાં મોતનો ખતરો ૩.૬ ગણો વધુ છે.

જ્યારે એક વર્ષમાં ૧૮ અને ૧૩૨ ડોઝ લેનારમાં મોતનો દર ૪.૪૩ ગણોછે. એક વર્ષમાં ૧૩૨ ડોઝ લેનારમાં મોતનો દર ૫.૩૨ ગણો છે. જ્યારે ઉંચા ડોઝ લેનારાઓમાં મોતનો ગણ ૩૫ ગણો વધી જાય છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

म्युच्युअल फंड सही है ? परंतु
शुं आपनो Portfolio सही है ?
SWACHH PORTFOLIO ABHIYAN

अनेक नही
एक
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak
2200 दिन मे. .

२०२५ ने ध्यानमां राखीने आपना PORTFOLIO ने स्वच्छ करावो.

• नवा PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
• PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE: 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
